" Harness innovation to reduce the global malaria disease burden and save lives"
(વૈશ્વિક મેલેરીયા રોગનું પ્રમાણ ઘટાડવા અને જીવન બચાવવા માટે નવીનતમ સંવાદ હાથ ધરીએ)

જાનં/મેલે/લેબ-૧/ ૭૪૨૯ થી ૭૪૩૪/૨૨
જિલ્લા મેલેરીયા અધિકારીશ્રીની કચેરી
ફોન નં – ૦૨૭૯૨ – ૨૨૨૦૦૮
ફેકસ નં - ૦૨૭૯૨ – ૨૨૨૦૦૮
ઈ- મેઇલ :- dmo.health.amreli@gmail.com

મેલેરીયા શાખા,
જિલ્લા પંચાયત, અમરેલી
તા. ૨૫/૦૫/૨૨

પ્રતિ,
૧) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
બહુમાળી ભવન–અમરેલી.....
૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત –અમરેલી.....

વિષય :- મેલેરીયા વિરોધી માસ જુન – ૨૨ અને ડેંગ્યુ વિરોધી માસ જુલાઇ-૨૨ની ઉજવણી બાબત.

ઉપરોક્ત વિષયના અનુંસંધાને જણાવવાનું કે,રાજ્ય સરકારે **"મેલેરીયા મુકત ગુજરાત"** નો અભિયાન હાથ ધરેલ છે.આ અભિયાન અંતર્ગત મચ્છરોની ઉત્પતિ રોકવા માટે વિવિધ પ્રકારની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવનાર છે. મોટાભાગના વિસ્તારોમાં જુલાઇ થી નવેમ્બરમાં વધુ ને વધુ મેલેરીયા ના કેસ જોવા મળે છે.આથી જુન માસ દરમ્યાન તમામ મેલેરીયા કેસ શોધી તેને સારવાર આપવામાં આવે છે.જેથી મેલેરીયા નો ફેલાવો અટકાવી શકાય. માનવ અને મચ્છર વચ્ચેનો સંપર્ક ઘટાડવા માટે અને લોકજાગૃતિ ઉભી કરવા માટે જુન–૨૨ અને ડેંગુ વિરોધી માસ જુલાઇ-૨૨ની ઉજવણી માટેનો આ ઘનિષ્ટ કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે

- તમામ શાળાઓમાં દર મહીને પાણીના સ્ત્રોતો ની તપાસ કરી મચ્છર ઉત્પતિ અટકાવવાની કામગીરી કરાવવી.
- શાળાના કેમ્પસની ખુલ્લી જગ્યામાં સ્થગિત થયેલ પાણીમાં મચ્છર ઉત્પતિ અંગે ચકાસણી કરી તે અટકાવવા માટે કેમીકલ અથવા જૈવિક નિયંત્રણ પધ્ધતિ થી કામગીરી કરવી.
- શાળાના બાળકોને તેમના ઘરમાં અને આજુબાજુ મચછર ઉત્પતિ સ્થાનો શોધવા અને તેને નાબુદ કરવા આરોગ્ય શિક્ષણ આપવું. તેમના ઘરોમાં આવી કામગીરી સક્રિય રીતે કરવામાં આવે તેવી ઝુંબેશ ગોઠવવી.

શિક્ષકશ્રી/ વિધાર્થી ધ્વારા નજીકના વિસ્તારોમાંથી તાવની જાણકારી પ્રાપ્ત કરી સારવાર અંગે જરૂરી કાર્યવાહી કરાવવી.

ઉપરોકત પ્રવૃતિઓ ભારત સરકાર તથા રાજય સરકાર દ્વારા COVID-19ની પરિસ્થીતીને ધ્યાને રાખી વખતો વખત કરવામાં આવતી માર્ગદર્શીકાનું ચુસ્ત પણે પાલન કરી કરવાની રહેશે.

ઉપરોકત મુદા પ્રમાણે કાર્યવાહી કરવા જિલ્લાની તમામ શાળાઓના આચાર્યશ્રીને પરીપત્ર પાઠવી તેની જાણ જિલ્લા મેલેરીયા અધિકારી, મેલેરીયા શાખા, જિલ્લા પંચાયત અમરેલીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ ઉપરાંત આપની શાળાઓના સાયન્સ ટીચર જેઓ પાસે ઉપલબ્ધ હોય તેવા ચાર્ટ પોષ્ટર તથા બેનર તથા મેલેરીયા પરોપજવી જીવાણું અંગેની વિગત તથા મચ્છરના જીવનચક વિગત હોય તે તેઓ શાળાઓમાં દર્શાવે તેવી પણ સુચના આપશો તથા આ સાથે " મેલેરીયા થી બચવા આટલુ કરો" વાળો પત્ર પણ દરેક શાળાને મોકલવાની વ્યવસ્થા કરશો.

કલેકટર
-વ ચેરમેન -
જિલ્લા મેલેરીયા સંકલન સમિતિ અમરેલી

પરિપત્ર - ૯૨

ક્રમાંક:યોજના/મેલેરીયા/ડેન્ગ્યુ /૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૩૧/૦૫/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ.શાળાઓ તમામ
જિ-અમરેલી

શાળાના વર્ગોમાં એક પીરીયડ દરમ્યાન વાહકજન્ય રોગ અટકાયતી પગલાઓ બાબતે નીચે મુજબની સમજૂતી આપવી.

## મેલેરીયા,ડેંગ્યુ,ચીકુનગુનીયા તથા હાથીપગાથી બચવા આટલું કરો :

તાવ આવે કે તુરત જ નજીકના સરકારી દવાખાનાની મુલાકાત લ્યો..

- ઝડપી નિદાન અને ઝડપી સારવાર માટે તમારા લોહીની તપાસ કરાવો કારણ કે સમયસરના પગલા જીવન બક્ષે છે.
- લોહીની તપાસમાં મેલેરીયા જણાય તો પુરેપુરી સારવાર લ્યો..
- માણસ અને મચ્છર વચ્ચેનો સંપર્ક અટકાવવા આટલું કરો.
  - અ) મચ્છરદાની નો ઉપયોગ કરો.
  - બ) રીપેલન્ટનો ઉપયોગ કરો.
  - ક) વહેલી સવાર અને સંધ્યા સમયે તમારા મકાનોના બારી બારણાં બંધ રાખો .
  - ડ) શરીર પુરતું ઢંકાય તેવા કપડા પહેરવા.
- તાવના દરેક કેસ ની જાણ નજીકના આરોગ્ય કર્મચારી ને આપો.....
- ફુલદાની,કુલર,સીમેંન્ટના ટાંકાઓ ,પાણીની કોઠીઓ,ટીપડાઓ વિગેરેનું પાણી એકાંતરે દિવસે બદલો...... પાણી ભરેલા વાસણો દર ચોથા દિવસે ખાલી કરો અને અંદરની સપાટી ઘસીને સાફ કરો , પછી સુકવો અને ચુસ્ત ઢાંકણ થી બંધ કરો.
- મોટી તથા નાની પાણીની ટાંકીઓમાં પોરાભક્ષક માછલીઓ મુકો.
- સંડાસની ગેસ પાઇપ પર જીણી જાળી વાળું કપડું વીંટાળો ઘરોની ઉપર પાણીની ટાંકી નું ઢાંકણ ચુસ્ત રીતે બંધ કરો .
- રહેણાંક ઘરોની આસપાસ પાણી ભરવાના સ્થળો દુર કરો......
- ઘરના ફળીયામાં કે તુટેલા માટલાઓ,ખાલી શીશીઓ,ડબલા,જુના ટાયરો દુર કરો કારણકે વરસાદનું પાણી તેમાં ભરાવાથી ત્યાં પણ મચ્છર ઉત્પતિ થાય છે.
- અંગત કાળજી થી સમાજ સેવા.
- મચ્છર ઉત્પતિ સ્થાન નો નાશ કરો.........

**સુત્રો :-** " મેલેરીયા નો અંત સારા ભવિષ્ય માટે "

૧. "મચ્છર થી જ મેલેરીયા, ડેંગ્યુ,ચીકુનગુનીયા તથા હાથીપગા જેવા રોગ ફેલાય છે.મચ્છર ઉત્પતિ અટકાવો."

૨. "તાવ છે ? મેલેરીયા હોઇ શકે તપાસ માટે બે ટીંપા લોહી આપો . આરોગ્ય કાર્યકર કે ડૉકટર ની સલાહ મુજબ મેલેરીયાની ગોળીઓ લો........"

૩. "મેલેરીયા થી બચવા ઘરમાં જંતુનાશક દવા છંટકાવ કરાવો, છંટકાવ કરેલી જગ્યાને અઢી માસ સુધી જેમ છે તેમ રાખો....."

૪."મચ્છર ઉત્પતિ અટકાવો મેલેરીયા, ડેંગ્યુ,ચીકુનગુનીયા તથા હાથીપગા જેવા રોગ થી બચો."

૫."જયાં જયાં પાણી, ત્યાં ત્યાં પોરા,જયાં જયાં પોરા ત્યાં ત્યાં મચ્છર, જયાં જયાં મચ્છર, ત્યાં ત્યાં મેલેરીયા, ડેંગ્યુ,ચીકુનગુનીયા"

૬."મેલેરીયા નિયંત્રણ આપણા સૌની સ્પર્શતી સમસ્યા."

૭."મેલેરીયા નિયંત્રણ સૌની જવાબદારી."

૮."મચ્છરદાની અપનાવો અને મેલેરીયા ભગાવો.."

૯." જેને નથી પગ અને પાંખો, તેને જુએ મારી અને તમારી આંખો,આવા પોરા ને જયાં જુઓ ત્યાં મારી નાખો.

૧૦.**"Small bite, big threat"**(નાનો ડંખ મોટો ભય)

૧૧. મેલેરીયા,ડેગ્યુ,ચિકુનગુનીયા થયો હોય તેવા દર્દીને બની શકે તો મચ્છરદાનીમાં સુવડાવો અને રોગનો ફેલાવો અટકાવો.

૧૨. જો થાય લોક સહકાર અને ભાગદારીનો સંગ, જીતીએ મેલેરીયા/ ડેગ્યુ/ચિકુનગુનીયા સામેનો જંગ.